## પાટણ જિલ્લા માટે ૨૦૦૦ કરોડનાં વિકાસ પેકેજની જાહેરાત

# બેરોજગારોને રોજગારીનું વચન આપી કોંગ્રેસ છેતરપિંડી કરે છે

### વધુ એક લાખ લોકોને રોજગારી આપવા મોદીનું વચન : રાજ્યમાં સરસ્વતી, શંખેશ્વર, સૂઈગામ નવા તાલુકા બનશે : પાટણ વિકાસની ઉંચાઈ સર કરશે

પાટણ,તા.૨૩

ગુજરાતના મુખ્યપ્રદાન નરેન્દ્ર મોદીએ આજે પણ કેન્દ્ર સરકાર પર



આકરા પ્રહારો જારી રાખ્યા હતા. મોદીએ કહ્યું હતું કે કેન્દ્રની યુપીએ સરકાર બેરોજગાર યુવાનોને નોકરી આપવાનું વચન આપી તેમની સાથે છેતરપિંડી કરી રહી છે. મોદીએ વધુ ઓએક લાખ લોકોને રોજગારી આપવામાં આવશે. ગુજરાત સરકારે એક દશકમાં સાઢા ત્રણ લાખ લોકોને રોજગારી આપી છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પાટણમાં વિવેકાનંદ યુવા પરિષદમાં પાટણ જિલ્લાને કૃષિ અને ઉદ્યોગ સહિત વિકાસનાં નવા ઉંચાઈનાં ક્ષેત્રોમાં લઈ જવાની મહત્વની જાહેરાતો કરી હતી જેમાં પાટણ અને વાગદોડ તાલુકાનું વિભાજન કરીને નવો સરસ્વતી તાલુકો, સમી તાલુકાનું વિભાજન કરીને નવો શંખેશ્વર તાલુકો અને વાવ તાલુકાનું વિભાજન કરીને નવો સુઈગામ તાલુકો બનશે.

ધારપુર-પાટણમાં રૂપિયા ૩૦૦ કરોડનાં ખર્ચે ૬૫ એકરમાં નવનિર્મિત જી.એમ.આર.એસ. મૅડિકલ કોલેજ-હૉસ્પિટલ સંકુલનું લોકાર્પણ કર્યા બાદ મુખ્યમંત્રીએ વિશાળ યુવાશક્તિને પ્રોત્સાહિત કરતી યુવા પરિષદમાં સ્વામી વિવેકાનંદના યુવાનોને સામર્થ્યવાન બનાવવાનાં સપના સાકાર કરતી શ્રેણીબદ્ધ જાહેરાતો કરી હતી. મુખ્યમંત્રીએ પાટણ જિલ્લામાં સૂકી ધરતીને નવપલ્લવિત બનાવવા માટે



નર્મદા શાખા નેહરોનાં ૯૦૦ કિલોમીટરનાં રૂપિયા ૭૨૬ કરોડનાં નહેરોનાં કામોની મહત્વની રૂપરેખા આપી હતી. નર્મદા નહેરોનાં આ નેટવર્કથી પાટણ જિલ્લાનાં છ તાલુકાનાં ૨૮૩ ગામોની ૪.૨૬ લાખ એકર જમીનમાં ખેડૂતોનાં ખેતરો સુધી નર્મદા દ્વારા સિંચાઈથી કૃષિ વિકાસનો નવો અધ્યાય શરૂ થશે. મુખ્યમંત્રીએ પાટણ જિલ્લાની ઔદ્યોગિક પછાત અવસ્થાનું વર્ષો જૂનું કલંક ભૂંસી નાંખવા સાંતલપુર-રાધનપુર સ્પેશિયલ ઈન્વેસ્ટર્સ રિજીયન મંજુર કર્યાની જાહેરાત પણ કરી હતી. પાટણ સહિત ઉત્તર ગુજરાતને સર્વપ્રથમ આધુનિકતમ મેડિકલ કોલેજ અને હૉસ્પિટલ સંકુલની ભેટ આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સદ્ભાવના મિશન વેળાએ પાટણ જિલ્લા માટેનાં વિકાસ પેકેજની જાહેરાત બાકી હતી જેમાં હાલ રૂપિયા ૨૭૫ કરોડનાં વિકાસ કામો ચાલી રહ્યાં છે તેમાં રૂપિયા ૧૭૨૫ કરોડનાં આ વર્ષના વિકાસ આયોજન મળી કુલ રૂપિયા ૨૦૦૦ કરોડનું પાટણ જિલ્લાનું વિકાસ પેકેજ મંજુર કરેલું છે. મુખ્યમંત્રીએ વહીવટી અને ભૌગોલિક સુગમતા ખાતર જાહેર પ્રજાહિતમાં પાટણ તાલુકો અને વાગડોદના ગામો મલી નવો સરસ્વતી તાલુકો, સમી તાલુકાનું વિભાજન કરીને નવો શંખેશ્વર તાલુકો



અને બનાસકાંઠા સરહદી વાવ તાલુકામાંથી નવો સૂઈગામ તાલુકો, આગામી ૨૬ જાન્યુઆરીથી આ ત્રણેય અલગ અલગ તાલુકા કાર્યરત કરવાની જાહેરાતો પણ કરી હતી. નવરચિત વિવેકાનંદ યુવા કેન્દ્રો માટે રમત-ગમત સાધનોની કીટનું વિતરણ કર્યા બાદ રાજ્યનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વિવેકાનંદના ભારત માતાની શાન એ બાન વધારવા માટે લાખો યુવાનોને સંકલ્પબદ્ધ બનવા અનુરોધ કર્યો હતો.

## ખેડબ્રહ્મા તાલુકાના માર્ગો જય અંબેના નાદથી ગુંજી ઉઠ્યા

આરાસુરીધામ અંબાજી તેમજ ખેડબ્રહ્મા બિરાજમાન મા અંબાનો ભાદરવી પૂનમે પ્રાગટ્ય દિન હોઈ વર્ષોથી અનેક શ્રદ્ધાળુઓ પગપાળા આવીને મા અંબાના ચરણોમાં શિશ નમાવે છે. ત્યારે છેલ્લા બે દિવસથી ખેડબ્રહ્મા તાલુકાના માર્ગો હાલ જય અંબે... જય અંબે...ના નાદથી ગુંજી ઉઠ્યા છે. સેવકો દ્વારા ઠેર ઠેર વિસામો અને સેવાકેમ્પ પણ ચાલી રહ્યા છે. જેનો લાભ પદયાત્રાળુઓ લઈ રહ્યા છે.

## ઊંઝા શહેરમાંથી બોલરો જીપની ઉઠાંતરી

ઊંઝા શહેરમાં તાજેતરમાં ઊંઝા શહેર અને તાલુકાના ઐઠોર, બ્રાહ્મણવાડા અને સુણોક ગામોમાંથી ડમ્પર ગામોમાંથી ડમ્પર, ટ્રેક્ટર, જીપડાલા જેવા વાહનોની ઉઠાંતરી થયા બાદ આજદિન સુધી તેની કોઈ ભાળ મળી નથી કે વાહનચોર તસ્કરોનું કોઈ પગેરૂ મળ્યું નથી. ત્યાં ગઈ રાત્રે શહેરના પોશ વિસ્તાર એવા ગોલ્ડન ચોકડી વિસ્તારમાં આવેલ સોસાયટીમાં રહેતા ગોવિંદભાઈ જીવરામ પટેલ રાતના સમયે પોતાના મકાન આગળ બોલેરો જીપ નં. જીજે-૨૪-એ-૮૫૨૩ પાર્ક કરી હતી. તેની કોઈ તસ્કરો ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.

## ઉનાવા બાયપાસથી ગામ તરફ જતા માર્ગ પર બાવળોના વૃક્ષોથી વાહન ચાલકો પરેશાન

ઊંઝા, તા.૨૨

ઊંઝા નજીકના ઉનાવા ગામે મહેસાણા તરફના બાયપાસ હાઈવેથી ગામમાં પ્રવેશવાના વળાંક પર વધી ગયેલ બાવળના વૃક્ષોને કારણે વાહન અકસ્માત થવાનો ભય ઉભો થયો હોઈ સત્વરે બાવળના વૃક્ષોને કાપવાની માંગ ઉઠી છે.

ઉનાવા ગામમાંથી મહેસાણા તરફ જવા માટે બાયપાસ હાઈવે પરથી જવું પડે છે. અત્રે જવા આવવાના વળાંક વાળા સાવ સાંકડા માર્ગો છે. આ વળાંકવાળા માર્ગોની બંને બાજુ બાવળો તેમજ અન્ય વૃક્ષોની ખાસ્સી ઝાડી છે. જે ઝાડી ખૂબ વધી ગયેલ હોઈ ગામમાંથી બાયપાસ હાઈવે પર નીકળતી વેળા મહેસાણા તરફથી આવતા વાહનો જોઈ શકાતા નથી જેથી આ સ્થળે વાહન અકસ્માત થાય તેવી સ્થિતિ પેદા થઈ છે.

નવાઈ વાત એ છે કે, વન વિભાગના અધિકારીઓ કર્મચારીઓની અહીંથી આવન જાવન થાય છે. તેમ છતાં તેઓને રોડની સાઈડોમાં ફૂલ્યા ફાલેલા વૃક્ષો નજરે પડતા નથી. આ બાબતે જિલ્લાના વન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સત્વરે અત્રે વાહન વ્યવહારને નડતરરૂપ રોડ સાઈડના નાના મોટા વૃક્ષોને કાપી નાંખવા યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેવું વાહન ચાલકોમાં બોલાય છે.

## ધનસુરામાં ઘરના પ્લોટ ફોર્મ વિતરણ કરાયા

ધનસુરા, તા.૨૨

કોંગ્રેસ પક્ષ દ્વારા આજે ધનસુરા ગ્રામ પંચાયત પાસે ઘરના પ્લોટ યોજનાના ફોર્મ વિતરણ કરવાના હોવાની માહિતી મળતા મહિલાઓના ટોળે ટોળા ઉમટી પડયા હતાં.

ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલે ફોર્મ વિતરણ પ્રસંગે જણાવ્યું હતું કે આવનારી ચુંટણીમાં જો સત્તા પરિવર્તન કરીને પ્રજા કોંગ્રેસને સત્તા ઉપર લાવશે તો તમારું ઘરનું સ્વપ્રવ પુરું થશે અને કોંગ્રેસ પક્ષની સરકાર જ તમને ઘર આપશે તેમ જણાવી કોંગ્રેસને સત્તા ઉપર લાવવા માટે આહવાન કહ્યું હતું. સરપંચ ત્રિવેણીબેને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતાં.

ફોર્મ વિતરણ પ્રસંગે વિરોધ પક્ષના નેતા અરવિંદભાઈ પટેલ, પરિમલ પટલ, આગેવાનો નરસિંહભાઈ, વિરભાઈ મુખી, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય, રાજુભાઈ ઠાકોર, મહિલા મોરચો અને એ ન.એ સ.યુ.આઈ.ના કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી ફોર્મ વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરમાં ભાજપ દ્વારા રેલવેના અત્યાચાર સામે ધરણા : કાર્યકરોએ જમ્મુ-તાવી ટ્રેન અટકાવી

છેલ્લા ઘણા સમયથી રેલવે તંત્ર દ્વારા બનાસકાંઠા જિલ્લાને અગણિત અન્યાય થતો હોવાના કારણે આજે પાલનપુર ખાતેના માનસરોવર રેલવે ફાટક પાસે બનાસકાંઠા જિલ્લા ભાજપે ધરણા યોજી જમ્મુ-તાવી એક્સપ્રેસ ટ્રેન ફાટકથી ત્રણેક કિ.મી. દૂર અટકાવી દીધી હતી. આજે જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. કે.એસ. મોગરાની આગેવાની હેઠળ યુવા ભાજપના હજારો કાર્યકરોએ એકઠા થઈ રેલવેના અત્યાચાર સામે યોજાયેલા ધરણામાં ભાગ લઈ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શનો કર્યા હતા. બાદમાં લોકોએ રેલવે તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને બપોરે પાલનપુર રેલવે સ્ટેશને આવતી જન્મ-તાવી એક્સપ્રેસ ટ્રેન ૧૫-૨૦ મિનિટ સુધી રોકાવી દેવામાં સફળ રહ્યા હતા. રેલવે તંત્રના અધિકારીઓ આ ઘટનાને પગલે ધરણા સ્થળે દોડી આવ્યા હતા. અને વિવિધ-૩ ફાટક ઉપર વાહન વ્યવહાર માટે ઓવરબ્રિજ બનાવવા માટે રૂ. ૩૫.૨૬ કરોડના બજેટ ફાળવી મંજૂર કરવાની જાહેરાત ધરણા સ્થળે જ કરી હતી. આમ આજે ભાજપના રેલવે સામેના ધરણાને સફળતા મળી હતી.

## ગુટખાનો સ્વાદ યથાવત : પાન મસાલા સાથે તમાકુની પડીકી ઉપલબ્ધ

પ્રાંતિજ, તા. ૨૩

૧૧મી સપ્ટેમ્બરે ગુજરાત




સરકાર દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યને સંપૂર્ણ પણે ગુટખા મુક્ત કરવા ગુટખા બનાવતી વિવિધ કંપનીઓ પર રોક લગાવી કડક અમલ કરવો અને દંડની જુદી જુદી રીતે જોગવાઈઓ કરી છે. પરંતુ અત્યારે હાલ માર્કેટમાં પાન-મસાલાના પેકિંગની સાથે નાના પેકિંજમાં સુગન્ધીત તમાકુ પણ માર્કેટમાં જોઈએ તેટલા મળે છે. કુટખા રસિયાઓને ગુટખાનો સ્વાદ મળી રહે છે.

ગુજરાતમાં ગુટખા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકતા અને ગુજરાતમાં ગુટખા સંપૂર્ણ પણે બંધ કરી દેવાતા ગુટખા બનાવતી કંપનીઓ ઉપર મોટી અસર થઈ છે. અને તેમના ગુટખા ઉત્પાદન બનાવવાના સાધનોના પૈડા થંભી ગયા હતા. ગુટખા ઉત્પાદકો કોઈ પણ સંજોગોમાં માર્કેટમાં ટકી રહેવા માટે નવી પાન મસાલા-તમાકુ, નવા ગુટખા સ્વરૂપે દરેક કંપનીએ બહાર પાડી છે. બજારમાં વેચાવાનું ચાલુ થઈ ગયું છે. ગુજરાત સરકારના પ્રયત્નો નિષ્ફળ નિવડ્યા છે. ગુટખાના પાઉચ રોકી શકી છે પણ પાન-મસાલા-તમાકુના પેકિંગની માંગ અત્યારે બજારમાં ધુમ વેચાય છે. સરકાર તાત્કાલિક પગલા લઈ આવા તમાકુના પાઉચ વેચતા વેપારીઓને દંડે તેવી પ્રાંતિજના નાગરિકોની માંગ ઉઠવા પામી છે.

## પ્રાંતિજ નજીક હાઈવે રોડ પર વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે ત્રણ પકડાયા

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીક હાઈવે રોડ પરથી શનિવારની મોડી સાંજે આર.આર.સેલ ગાંધીનગરે વોચ દરમિયાન વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે ત્રણને પકડી પાડી તેમના વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ બાતમી આધારે પ્રાંતિજ હાઈવે રોડ પર શનિવારના રોજ વોચ કરી મોડી સાંજે ૭ વાગેના સુમારે રાજસ્થાનથી ગુજરાતમાં શામળાજી ચેક પોસ્ટ થઈને અમદાવાદ તરફ જઈ રહેલ ટ્રક નંબર પી.બી.-૧૨-ક્યુ-૪૦૩૩ને રોકી તેમાં તપાસ કરતા વિદેશી દારૂની ૫૫૫ પેટી કિંમત અને ૧૯૯ પેટી બીયરની મળી કુલ ૭૫૪ પેટીઓ કિંમત રૂ. ૨૯ લાખ, ટ્રક રૂ. ૧૦ લાખ, લેપટોપ-૧ કિંમત રૂ. ૨૫ હજાર, ત્રણ મોબાઈલ રૂ. ૨૫૦૦ના મળી ૩૯ લાખ ૩૦ હજાર ૮૧૫નો કબજે લઈ સાથે પંજાબના ચંડીગઢ જિલ્લાના જશબીરસિંગ સુરજીતસિંગ જાટ, મોહાલીના જેડપુર ગામના કર્ણબીરસિંગ ગુરુમુખસિંગ જાટ, ગુરુમેલસિંગ ચરણજીતસિંગ જાટ ત્રણેને પકડી પાડી તેમના વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## આંતરી ઘાટી નજીક બે બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈકસવારનું મોત

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના આંતરી ઘાટી ગામ નજીક શુક્રવારના રોજ સાંજે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક સવારનું મોત નીપજ્યું હતું. આ અંગે વિજયનગર પોલીસમથકે પરોસડા ગામના ઈશ્વરભાઈ ચંપાભાઈ ચૌહાણે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે વિજયનગર પોલીસમથકના પી.એસ.આઈ. પી.સી. ઝાલાએ જણાવેલ કે શુક્રવારના રોજ મોડી સાંજે ૭ વાગેના સુમારે વિજયનગર તાલુકાના પરોસડા ગામના ઈશ્વરભાઈ ચંપાભાઈ ચૌહાણ પોતાની બાઈક પર ખેડબ્રહ્માથી પરોસડા જઈ રહ્યા હતા અને ડૉ. મુકેશભાઈ કરશનભાઈ પટેલ આંતરસુબ્બા આશ્રમ પોતાના દવાખાનેથી ખેડબ્રહ્મા જઈ રહેલ અને તેમની બાઈક પાછળ રમતુભાઈ મુળજીભાઈ રાઠોડ (મોચી) સવાર હતા. બંને બાઈક સામસામે ટકરાતા આંતરી ઘાટી નજીક અકસ્માત સર્જાયો હતો.

જેમાં ખેડબ્રહ્માના ૫૦ વર્ષીય રમતુભાઈ મુળજીભાઈ રાઠોડ (મોચી) અને ડૉ. મુકેશભાઈ કરશનભાઈ પટેલને શરીરે ઈજાઓ થતા ૧૦૮ દ્વારા સારવાર માટે નજીકના સરકારી દવાખાને લઈ ગયેલ જ્યાંથી વધુ સારવાર માટે રમતુભાઈ મુળજીભાઈ રાઠોડ (મોચી)ને હિંમતનગર સિવિલમાં લાવતા રસ્તામાં મોત નીપજ્યું હતું. આ અંગે વિજયનગર પોલીસમથકે શનિવારની સાંજે ફરિયાદ નોંધાઈ હતી.



સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા હિંમતનગર ખાતે આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે શનિવારના રોજ ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રીઓ માટેનો વિસામો શરૂ કરવામાં આવયો હતો. જે વિસ્તારમાં જિલ્લા પોલીસ વડા પ્રસાદ પીરસીને પૂણ્યનો આનંદ મેળવ્યો હતો. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮